# રાજકોટ મહાનગર પાલિકા

ડૉ. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧

**-: અખબારી યાદી:-**

# જાહેર જનતા જોગ

તા. ૧૬/૦૬/૨૦૨૨

છેલ્લા કેટલાક દિવસોથી સોશિયલ મીડિયામાં એક સ્લાઈડ વાઈરલ થઇ રહી છે, જેમાં ધોરણ ૧૦ અને ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીનાં વાલીઓ જોગ એક સંદેશ લખેલ છે કે, **"માનનીય પ્રધાનમત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્કોલરશીપ યોજના જાહેર કરી છે જેનું નામ અબ્દુલકલામ અને વાજપેયી યોજના છે. જેના ફોર્મ મ્યુનિસિપલ કોર્પોરેશનમાંથી મળશે."** આ સ્લાઈડનાં પગલે લોકો રાજકોટ મહાનગરપાલિકા ખાતે માહિતી મેળવવા આવી રહ્યા છે. પરંતુ રાજકોટ મહાનગરપાલિકા ખાતે આ સ્કોલરશીપ અંગેના ફોર્મનું વિતરણ કરવામાં આવતું નથી. જેની જાહેર જનતાએ નોંધ લેવી,

(જન સંપર્ક અધિકારી)
રાજકોટ મહાનગરપાલિકા




**(વાયરલ થયેલ સ્લાઈડ)**